# પેટ્રોલ-ડીઝલમાં વધુ એક રૂપિયો ઘટશે

## આંતરરાષ્ટ્રીય કિંમતમાં ઘટાડો થતાં લોકોને સીધી રાહત અપાશે : પેટ્રોલ અને ડીઝલ બન્ને ફ્યુઅલ વર્ષની શરૂઆત બાદ પોતાની ઉંચી સપાટીથી ૧૦-૧૩ ટકા સુધી સસ્તા થઈ ચુક્યા છે : પેટ્રોલમાં ૭મી વાર ઘટાડો કરાશે

નવી દિલ્હી,તા. ૧૨

સરકારી પેટ્રોલિયમ કંપનીઓ જુન બાદથી પેટ્રોલની કિંમતમાં સતત સાતમી વખત અને ડીઝલની કિંમતમાં સતત ત્રીજી વખત ઘટાડો કરવાની તૈયારીમાં છે. તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને સતત રાહત મળી રહી છે. આ સપ્તાહમાં જ ભાવમાં ઘટાડો કરવામાં આવી શકે છે. આંતરરાષ્ટ્રીય બજારમાં તેલની કિંમતમાં ભારે ઘટાડો થયા બાદ કંપનીઓ તેનો લાભ સામાન્ય લોકોને આપવા માટે સજ્જ છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે વર્તમાન પ્રવાહ મુજબ ઈન્ડિયન ઓઈલ કોર્પો. ભારત પેટ્રોલિયમ કોર્પો.અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પો. લિમિટેડ આ સપ્તાહમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ઘટાડો કરી શકે છે.

પ્રાપ્ત અહેવાલ મુજબ સેલ્સ ટેક્સ અને વેટ સિવાય ભાવમાં એક રૂપિયા પ્રતિ લીટર સુધીનો ઘટાડો કરવામાં આવી શકે છે. પેટ્રોલ અને ડીઝલ આ વર્ષની શરૂઆત બાદથી તેની ઉંચી સપાટી પરથી ૧૦-૧૩ ટકા સસ્તા થઈ ચુક્યા છે. વૈશ્વિક પ્રવાહ મુજબ ફ્યુઅલ કિંમતમાં મહિનાની શરૂઆત અને અધ વચ્ચે ઘટાડી અને વધારી શકાય છે. ઝારખંડ અને જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈને ચૂંટણીના ૧૦ દિવસ

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

શાસ્ત્રો એ શિવને વિશ્વાસ અને પાર્વતીને શ્રદ્ધા માન્યા છે, દાંપત્ય જીવનમાં શિવ-પાર્વતી જેવો જ પ્રેમ રાખવો જોઇએ

- ધૂમકેતુ

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૪૦ | ૧૩ નવેમ્બર, ૨૦૧૪, ગુરૂવાર ; કારતક વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરમાં એક જ દિવસમાં ડેન્ગ્યુના પાંચ કેસ

## બે ને સઘન સારવાર માટે અમદાવાદ ખસેડાયા : આરોગ્યતંત્રમાં હડકંપ : મચ્છરો માટે સાનુકૂળ વાતાવરણ : નવા સેક્ટરો અને જુના સેક્ટરોમાંથી કેસો મળ્યા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળો દિવસે દિવસે વકરતો જાય છે અને આજે એક જ દિવસમાં પાંચ જેટલા કેસ ગાંધીનગર સિવિલમાં નોંધાતા તંત્ર ચોંકી ઉઠ્યું છે.

મળતી વિગતો પ્રમાણે આજે નોંધાયેલા પાંચ કેસ પૈકીના બે કેસ તો સઘન સારવારની જરૂર જણાતાં અમદાવાદ ખાતે ટ્રાન્સફર કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં સતત બદલાતા રહેતા હવામાનને પગલે વાહકજન્ય રોગચાળાએ માથુ ઉંચક્યુ હોવાના અહેવાલો તાજેતરમાં જ પ્રસિદ્ધ થયા હતા. શહેરમાં જે કેસો નોંધાયા છે તેમાં સે. ૨૯, સે. ૨૬, સે. ૨, ૩ માં જોવા મળ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર



ભાઈની બેનડી - કોણ હલાવે લીમડી ને કોણ ઝુલાવે પીપળી... લોકસંસ્કૃતિનું ધબકતું દશ્ય ભાઈ-બહેનના અમરપ્રેમની પ્રતિતી કરાવે છે... ભારતીય સમાજ જીવનનમાં ભાઈ-બહેનના પ્રેમની અનોખી ઉંચાઈ છે... શ્રીમંત હોય કે ગરીબ, શહેર હોય કે ગામડું, મહેલ હોય કે ઝુંપડું, ભાઈ-બહેનનો પ્રેમ એક સરખો, એક લયમાં વહેતો હોય છે... આ સંસ્કાર છે, આ સંસ્કૃતિ છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# આજથી શાળા-આરોગ્ય ચકાસણી

## જિલ્લાના ત્રણ લાખથી વધુ બાળકોના આરોગ્યની ૭૦ ટીમો દ્વારા ચકાસણી કરાશે : ગત વર્ષે ૫૩ બાળકોમાં હૃદયની, ૧૪ બાળકોમાં કિડની અને ૩ બાળકોમાં કેન્સરની બિમારી જણાઈ હતી

ગાંધીનગર, તા. ૧૨

રાજ્ય સરકારના આરોગ્ય વિભાગનો અતિ મહત્વનો કાર્યક્રમ શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમ આજથી જિલ્લામાં આરંભાઈ રહ્યો છે. જિલ્લાના ૩ લાખથી વધુ બાળકોના આરોગ્યની ચકાસણી આજથી આરંભાશે. રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ ગાંધીનગર ટાઉનહોલ ખાતે આ કાર્યક્રમનો વિધિવત્ આરંભ કરાવશે.

ગાંધીનગર જિલ્લામાં શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમ અંતર્ગત શાળાએ જતા ૨૯૯૯૬૯ બાળકો તથા શાળાએ ન જતા ૨૦૯૭ બાળકો મળી ૩ લાખ બે હજાર જેટલા બાળકોની ચકાસણી કરાશે. રાષ્ટ્રીય સ્વચ્છતા અભિયાનને ધ્યાને રાખી આરોગ્ય સપ્તાહની ઉજવણી કરવામાં આવશે. જેમાં બાળ તંદુરસ્તી સ્પર્ધા, આરોગ્ય વિષયક પ્રદર્શન, વાલીઓ સાથે વિશેષ બેઠક સહિતના કાર્યક્રમો યોજવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર



સાંજનો ચૂલો - શ્રમિકો દિવસભર મજુરી કરી સાંજે જ્યારે પોતાના ખોરડે ચુલો સળગાવે અને રોટલે શેકે ત્યારે સર્જાતું દશ્ય આપણી સામાજીક સંસ્કૃતિનું અનોખુ દશ્ય નિર્માણ કરે છે... મનની કલ્પના કરતાં પણ વધુ સુંદર લાગતી તસવીર એ રોટલાની મિઠાશ કેવી હશે અને એનાથી વધુ... એ જીવનની મિઠાશ કેવી મસ્ત હશે... એ રોટલા શેકતા-શેકતા પરિવારના દાંપત્યજીવનની પ્રસન્નતા જીવનનો અર્ક આપતી જાય છે... સમાજમાં ઘરે-ઘરે સાંજે આવા ચૂલા સળગે અને પ્રસન્નતાથી વાત અને વાતાવરણ મ્હોરી ઉઠે એવો સંદેશ આપતી આ તસવીર આપણને સકારાત્મ અને સર્જનાત્મક અભિગમની સમજણ આપે છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# ગુણોત્સવ માટે જિલ્લામાં ૭૦ રૂટ

## બે મંત્રીઓ તેમજ ૩૫ થી વધુ ઉચ્ચ અધિકારીઓ અને અન્ય પદાધિકારીઓ પણ કાર્યક્રમમાં જોડાશે : શનિવારની શાળાનો સમય ૧૦ થી ૫ નિયત કરાયો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં ગુણોત્સવ માટે તંત્ર દ્વારા ૭૦ જેટલા રૂટ નિર્ધારિત તૈયાર કરવામાં આવ્યા છે.

આગામી ૨૦થી ૨૨ દરમ્યાન યોજાનાર ગુણોત્સવને લઈ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. મળતી વિગતો પ્રમાણે ૩૫ થી પણ વધુ ઉચ્ચ અધિકારીઓ બે મંત્રીઓ અને અન્ય પદાધિકારીઓ જિલ્લાની વિવિધ શાળાઓમાં લેખન-ગણન અને વાંચન દ્વારા બાળકોના શૈક્ષણિક સ્તરનું મૂલ્યાંકન કરશે.

જિલ્લાની ૬૦૦ થી વધુ પ્રાથમિક શાળાઓમાં યોજાનાર ગુણોત્સવમાં આ વખતે કોલેજોના આચાર્યો તેમજ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક સંઘ તેમજ આચાર્ય મંડળના હોદ્દેદારોને પણ જોડવામાં આવનાર છે.

બાળકોનું મૂલ્યાંકન ઓ.એમ.આર. શીટથી કરવામાં આવનાર છે. દિપાવલી પર્વના વેકેશન બાદ તુરત જ ટુંકાગાળામાં આ ગુણોત્સવનું આયોજન કરવામાં આવતાં તંત્રમાં દોડધામ પણ વધુ જોવા મળી રહી છે.

મળતી વિગતો પ્રમાણે આ ગુણોત્સવમાં છેલ્લો દિવસ શનિવારનો હોવા છતાં ખાસ કિસ્સામાં શાળાનો સમય ૧૦.૦૦ થી ૫.૦૦ નો નિયત કરવામાં આવ્યો છે. અને તે દિવસે પણ બાળકોનું મૂલ્યાંકન કરવામાં આવનાર છે.

ગુણોત્સવ દરમ્યાન પ્રાથમિક શાળાના કોઈ કર્મચારીની રજાઓ મંજૂર નહિ કરવાની પણ તાકીદ કરવામાં આવી છે. આ ઉપરાંત સ્વ. પંડિત જવાહરલાલ નેહરૂની સવાસોમી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે બાળ સ્વચ્છતા મિશનના કાર્યક્રમોની પણ ઉજવણી કરાશે તેમજ તે અંતર્ગત કરવામાં આવેલ કાર્યક્રમનો અહેવાલ વિશેષ રીતે

● અનુસંધાન પાન-૭ પર

### રાજ્ય સરકારની નવી પોલિસીની ઝલક

- ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરીંગ કલસ્ટર ધરાવતા ગ્રીનફિલ્ડ બ્રાઉન ફિલ્ડ વિકસાવાશે
- ગુજરાત ઈલેક્ટ્રોનિક્સ મિશનની સ્થાપના
- ૩૫ વર્ષ સુધીના યુવાનો, મહિલાશક્તિ, શારિરીક ક્ષતિગ્રસ્તો, અનુસૂચિત જાતિ-જનજાતિ માટે એક ટકાની વિશેષ વ્યાજ સબસિડી
- વેટ પ્રોત્સાહન, પાત્રતા ધરાવતા નવા અને વિસ્તરણ કરતા હયાત એકમો માટે મૂડી રોકાણના ૯૦ ટકા સુધીનું વળતર
- CST માં ૧૦૦ ટકા વળતર
- મેઈક ઈન ઈન્ડિયાની નેમ સાકાર થશે

# રાજ્યની નવી ઈલેક્ટ્રોનિક્સ પોલીસી જાહેર

## મેઈક ઈન ઈન્ડિયાના સંકલ્પને પાર પાડવા ગુજરાતની પહેલ : ઈલેક્ટ્રોનિક્સના સર્વગ્રાહી વિકાસ અનુરૂપ ઈલેક્ટ્રોનિક્સ પોલિસી જાહેર કરતા મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ

ગાંધીનગર, તા. ૧૨

મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબહેન પટેલે રાજ્યમાં ઈલેક્ટ્રોનિક્સક્ષેત્રનાં સર્વગ્રાહી વિકાસ માટે અનુરૂપ ઈલેક્ટ્રોનિક્સ પોલિસી જાહેર કરી છે.

આ નીતિની વિશેષતાઓની વિસ્તૃત માહિતી આપતા કહ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની મેઈક ઈન ઈન્ડિયાની સંકલ્પનાને સાકાર કરવાની દિશામાં તેમના માતૃરાજ્ય ગુજરાતે આ નીતિ દ્વારા એક નવતર પહેલ કરી છે.

આ પહેલ રૂપે સાયન્સ ટેકનોલોજી મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાના માર્ગદર્શન હેઠળ ગુજરાતની ઈલેક્ટ્રોનિક્સ પોલીસી (૨૦૧૪-૧૯) ને આખરી ઓપ આપવામાં આવ્યો છે.

પ્રવક્તા મંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્ય સરકારે જાહેર કરેલી આ ઈલેક્ટ્રોનિક્સ પોલિસીમાં G2B એટલે કે ગવર્મેન્ટ 2 બિઝનેસનો ઉદ્દેશ કેન્દ્રસ્થાને રાખવામાં આવ્યા છે.

પ્રવક્તા મંત્રીશ્રીઓએ આ પોલિસીની વિસ્તૃત સમજ આપતાં કહ્યું કે ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનની માંગ અને પુરવઠાના સંદર્ભમાં ૨૦20 સુધીમાં આ ક્ષેત્રની આયાત ભારતમાં પેટ્રોલિયમ પેદાશોની આયાતથી પણ વધી જવાની સંભાવનાઓ ધ્યાનમાં લેતાં આ નવી ઈલેક્ટ્રોનિક્સ પોલિસીમાં નવા એકમો માટે વિશેષ પ્રાવધાન કરવામાં આવ્યું છે અને વડાપ્રધાનશ્રીના મેઈક ઈન ઈન્ડિયાના ઉદ્દેશ્યને અનુરૂપ પ્રોત્સાહનો પણ આ નીતિમાં સુનિશ્ચિત કરવામાં આવ્યા છે.

સમગ્ર વિશ્વ સાથે સ્પર્ધા કરી શકે તેવી ઈલેક્ટ્રોનિક્સ સિસ્ટમ ડિઝાઈન અને મેન્યુફેક્ચરીંગ ઉદ્યોગો રાજ્યમાં સ્થાપીને ગુજરાતને મેન્યુફેક્ચરીંગ હબ બનાવવાનાં ધ્યેયને લક્ષમાં રાખીને આ પોલિસી જાહેર કરવામાં આવી છે. વડાપ્રધાનશ્રીના મેઈક ઈન ઈન્ડિયાના અભિગમ સાથે સુસંગત રહીને રાજ્યમાં હાર્ડવેર ઉત્પાદન માટે અનેક પ્રોત્સાહક રાહતો-પેજેક આપવાનો ઉમદા હેતુ પણ આ નવી જાહેર થયેલ પોલિસીમાં સમાવિષ્ટ છે.

રાજ્યમાં સેમીકંડકટર ફેબ્રુકેશનના એકમો સ્થપાય તેવી સગવડો ઉભી કરવી. રાજ્યમાં ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરીંગ કલસ્ટર

● અનુસંધાન પાન-૭ પર

GPSC {વર્ગ 1/2}
Main Exam April/May 2015
ફક્ત ગાંધીનગર શાખા માટે જ
20.11.2014 સવારના 7-00 થી 9-30 સોમ થી શુક્ર
23.11.2014 સવારના 6-00 થી 10-00 શનિ / રવિ
કુલ 5 વિષયની ફી ₹ 40,000/- {1 સાથે ભરનારને 10% ડિસ્કાઉન્ટ}
સંપૂર્ણ સાહિત્ય FREE
પ્રિલિમ પરીક્ષામાં નાપાસ થનારને 25% કપાત કર્યા બાદ (કુલ ફીના) બાકીની ફી પરત
વિષય ભૂગોળ
Male : 225+ / Female : 205+ } ઉપરના ગુણ અંદાજીત મેળવી શકે તેમહોય તેવા વિદ્યાર્થીઓ એ જ સંપર્ક કરવો
1994થી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા...
TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર 9537614606 પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A.
પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. મહેસાણા 9537614607

N.C. Zaveri
Gold, Jadtar, Antique, Real Diamond & Silver
રૂ. ૧,૭૧,૦૦૦/- માં
મજુરી ફક્ત રૂ. ૧૫૧/- પ્રતિ ગ્રામ
૧૮, અભિમન્યુ કોમ્પલેક્ષ, લક્ષ્મી ગાંઠીયારથની સામે, શાસ્ત્રીનગર, નારણપુરા, અમદાવાદ.
(અમારા શો-રૂમની મુલાકાતથી નવીન ડિઝાઈન જોવા મળશે અને ફાયદો થશે)

સ્વચ્છ ભારત અને તંદુરસ્ત ભારત અભિયાનના ભાગરૂપે
સોનગર ડેન્ટલ ક્લિનિક
રજૂ કરે છે
સ્વચ્છ દાંત તંદુરસ્ત સ્મિત
સોનગર ડેન્ટલ ક્લિનિકનો આગવો પ્રયાસ આપ સહુના માટે. દાંતની સ્વચ્છતાએ તંદુરસ્ત પેઢા, તંદુરસ્ત મોં અને તંદુરસ્ત સ્મિત માટેનો પાયો છો.
મેળવો આ અંગે સંપૂર્ણ માર્ગદર્શન અને નિદાન તથા દાંતની સફાઈ / Scaling નિદાન જેટલી ફી / શુલ્કના દરે.
ખાસ બે દિવસ
૧૫ અને ૧૬ નવેમ્બર ૨૦૧૪
સમય : સવારે ૯-૩૦ થી બપોરે ૧-૦૦ કલાક સુધી
સાંજે ૪-૩૦ થી રાત્રે ૮-૩૦ કલાક સુધી
આયોજક
ડો. જયસિંહ ચૌહાણ M. 98675 37079
ડો. નિકિતા ઠક્કર M. 84694 26986
સ્થળ
દુકાન નં. સી/૨, ૧૪-એ, બીજો માળ, સ્વાગત રેઈન ફોરેસ્ટ-II, સ્વામિનારાયણ ધામ સામે, ઈન્ફોસીટી પાસે, કોબા-ગાંધીનગર હાઈવે, કુડાસણ, ગાંધીનગર